કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ અંતર્ગત ઈન્ટરસેપ્ટર બોટ્સ ભાડેથી લેવા બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : વિ.પ/બીડીએસ/૧૦૨૦૦૬/GOI-259(Pt)

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૫/૦૯/૨૦૨૩

**વંચાણે લીધા:**

અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એ.ટી.એસ. અને કો.સી.), અમદાવાદનો તા.૧૪/૦૨/૨૦૨૩નો પત્ર.

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્યમાં ૧૨૧૪.૭ કિ.મી. લાંબો દરિયા કિનારો આવેલ છે. જે આંતરરાષ્ટ્રીય જળ સીમાથી નજીકમાં હોઇ સંરક્ષણ દ્રષ્ટિબિંદુથી અત્યંત સંવેદનશીલ છે. રાષ્ટ્રની સુરક્ષાને જોખમરૂપ આંતકવાદી અને રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિ માટે રાજ્યના દરિયા કિનારે હથિયાર-દારૂગોળો અને RDX જેવા વિસ્ફોટક પદાર્થોની ગેરકાયદે હેરાફેરી અને ભૂતકાળમાં દાણચોરો દ્વારા સોનુ, ચાંદી વિગેરે જેવી પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરીના બનાવો પણ દરિયા કિનારાના વિસ્તારોમાં બનેલ છે.

ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા તથા દેશની સુરક્ષાને વધુ સઘન બનાવવાના હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ અસ્તિત્વમાં મુકવામાં આવેલ છે. કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ ફેઝ-૨ અંતર્ગત ભારત સરકાર દ્વારા રાજયના તટીય જિલ્લા ખાતે આવેલ મરીન પોલીસ સ્ટેશનને દરિયાઇ પેટ્રોલિંગ માટે કુલ-૩૧ (તમામ ૧૨ ટન) મંજૂર કરવામાં આવેલ છે. CSS ફેઝ-૨ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ૧૨ મરીન પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવેલ છે. હાલના તબક્કે ભારત સરકાર દ્વારા બોટ્સની ફાળવણી કરેલ ના હોવાથી બોટ્સ ભાડેથી મેળવવાની જરૂરિયાત જણાય છે. વંચાણે લીધેલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(એ.ટી.એસ. અને કો.સી.), અમદાવાદના તા.૧૪/૦૨/૨૦૨૩ના પત્રને ધ્યાને લઈ ભારત સરકાર બોટ્સની ફાળવણી ન કરે ત્યાં સુધી બોટ્સ ભાડેથી લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે કોસ્ટલ સિક્યુરીટી સ્કીમ ફેઝ-૦૨ અંતર્ગત ભારત સરકાર દ્વારા દરિયાઇ પેટ્રોલિંગ માટે મંજૂર કરવામાં આવેલ ૩૧ ઇન્ટરસેપ્ટર બોટસની સામે હાલમાં નીચેની વિગતે ૧૨ બોટ્સ રૂ.૨,૬૪,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ ચોસઠ લાખ પુરા)ની મર્યાદામાં તા.૨૮/૦૨/૨૦૨૪ સુધી ભાડેથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) બોટ્સ ભાડેથી મેળવવા સરકારશ્રી દ્વારા નિયત પ્રવર્તમાન ઈ ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરી બોટ્સ ભાડેથી મેળવવાનો કરાર કરવાનો રહેશે.

(૨) બોટ્સ પેટ્રોલીંગના કલાકો(છ થી આઠ કલાક પ્રત્યેક દિવસ) નિયત કરવાના રહેશે તથા બોટ્સનું નિયત કલાકોથી ઓછું પેટ્રોલીંગ થશે તો સંબંધિત કંપની પાસેથી પેનલ્ટી વસુલવાની જોગવાઈ કરારમાં સામેલ કરવાની રહેશે.
(૩) ૧૨ બોટ્સ દરિયાઇ સુરક્ષાના વધુ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ માટે ફાળવવાની રહેશે.
(૪) આ ખર્ચમાં બોટ્સના સંચાલન માટે ક્રુ-મેમ્બર્સના પગાર ભથ્થા તથા બોટ્સના રીપેરીંગ અને મેન્ટેનન્સ સહિતના ખર્ચનો સમાવેશ થયેલ છે
(૫) બોટ્સ કેવા પ્રકારની રહેશે તે બાબતે આ સાથે સામેલ Annexure-A મુજબ બોટસનું સ્પેસિફિકેશન સામેલ છે.

આ અંગેનો ખર્ચ હિસાબી સદર ૪૩:૨૦૫૫:૦૦:૮૦૦:૧૦ (MEP 27, Coastal Security) હેઠળ આકારવાનો રહેશે અને ચાલુ વર્ષે કરવામાં આવેલ જોગવાઈ માંથી મેળવવાનો રહેશે તથા જરૂર જણાય તો પુરક માંગણીની પ્રક્રિયા સત્વરે હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૪/૦૮/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ખ્યાતિ સખરેલિયા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, એ.ટી.એસ. અને દરિયાઇ સુરક્ષા, એસ.જી. હાઈવે, છારોડી, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, દરિયાઇ સુરક્ષાની કચેરી, સેકટર-૩૦, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનલરશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી(ઝ.૧), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(બજેટ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.

# Annexure-A

## →BROAD TECHNICAL SPECIFICATION OF THE VESSEL:

- Hull and superstructure shall be of aluminum construction.
- Length :14 to 12m
- Beam : 4 to 5 m
- Main engine :2×500 BHP Minimum
- Propellers, Rudders : Conventional-2 nos each.
- Maximum speed : 20 knots certified by Iacs class
- Auxiliary Engine :1×25 kVA
- Sitting accommodation for 12 persons
- Shall have gun mounting facility and provision for fixing portable bullet proof morcha at forward location. necessary local strengthening arrangement/support structure to be provided;
- Patrol boat to be registered and manned under i.v. Act and claased with IACS class;
- Should be suitable and certified to ply in Zone-I of Inland vessels i.e upto a wave height of 2.0;
- Should have anti-skid deck, heavy duty all round D type rubber fender/Rub rail all around the hull and Grab/ safety Rails of Stainless Steel
- Side windows shall be Bullet Proof materials
- Safe Landing space for Embarking and Disembarking From both sides
- One Anchor with appropriate Securing/Stowage arrangement with manual winching
- Shall have Non skid Deck
- Outer side cabin shall have Stainless steel rails for safe holding/movement of personnel;
- Cleats/ Bollards/ Forward and Aft Fairleads as necessary for safe morning and operation;
- Should be capable of manoeuvring along-side to /from vessel and board/ disembark personnel. Carrying Capacity shall be 12 personal min(4 nos.Crew members +08 Nos. Security personnel);

## → MACHINERY AND ELECTRICAL REQUIRMENT (AS PER CLASS REQUIRMNTS):

- Designed speed shall be 20.0 knots certified by IACS Class;
- Main propulsion power to achieve/Max. speed of 20 knots @100% MCR;
- Hydraulic steering Gear system (To meet Class Standards)
- Diesel Generator set capable to provide power to all shipboard equipment and auxiliaries;
- Adequate Air ventilation shall be present as par Class requirements;

- Twin screw Diesel Engine propulsion to attain speed of at least 20 knots @ 100% MCR; wet exhaust;
- Dual mode Steering (power and Manual);
- Automatic Bilge Pump with Float switches transferring to bilge holdings tank with shore transfer arrangement by power driven transfer pump;
- One no. Toilet for crew members;
- Emergency Light with audible alarm;
- High intensity search light;
- Marine Battery Charger;(For charging the emergency batteries Provided on board);
- Shore Power Connection and Cable;
- 220/12 Volt DC Power System (From mains for supply to the equipment and lights) Satisfying class requirements;
- Split Air Conditioner;
- Fuel Capacity commensurate to the required endurance of 8 Hrs.
- Fuel tank should have class certified sounding table;
- Bilge/Ballast/Fire/GS pump as per class requirement;

**→ LSA AND FFA REQUIREMENTS:**

- Life saving appliances as per class requirements.
- Fire Fighting appliances as per class requirements.
- Aldis Lamp operating.